**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૫ ટકા

# શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવવામાં ઉદાસીનતા

## મીનાબજારથી માંડીને પોઈન્ટનું બસ સ્ટેન્ડ હોય કે પછી શહેરના શોપીંગ સેન્ટર્સ અને શાકમાર્કેટ હોય, બધે ગ્રાહકોનું ટોળે વળવું સામાન્ય બનતું જાય છે : પાનના ગલ્લે અને ચાની કિટલીઓ પર પણ ટોળટપ્પા વધ્યા

ગાંધીનગર, તા.૬

છેલ્લાં ત્રણેક માસથી નોવેલ કોરોના વાયરસ મહામારીના પગલે જનજીવન ખૂબ પ્રભાવિત થયું છે. ગાંધીનગરમાં લોકડાઉન પછી પ્રારંભ થયેલા અનલોક-૧માં નાગરિકો પોતાના નોકરી-વ્યવસાય પર પરત ફર્યા છે પરંતુ હજુ પણ કોવિડ-૧૯ના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેની ઝડપ પણ વધી જવા પમી છે. સરકાર દ્વારા ફરજિયાત માસ્ક, ફરજિયાત સોશ્યલ ડિસ્ટન્સિંગ તેમજ અન્ય શરતોને આધિન અનલોક-૧માં છુટ આપવામાં આવી છે પરંતુ હજુ પણ શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવવા બાબતે નાગરિકોમાં થોડી લાપરવાહી જોવા મળી રહી છે જે કોરોના સંક્રમણને વધુ વેગ આપી શકે છે.

શહેરમાં વિધિવત રીતે સરકારી કાર્યાલયો તથા ખાનગી વેપાર-ધંધા-ઓફિસો શરૂ થઈ ગઈ છે તેમજ મોટાભાગના બજારો પણ ખુલી ગયા છે. આ સ્થિતિમાં નાગરિકો સોશ્યલ ડિસ્ટન્સિંગ પાળવામાં ઉદાસીનતા દાખવી રહ્યા છે. શહેરના જુના સચિવાલય પાસેના મીના બજારથી માંડીને સેકટર-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર હોય કે સે-૧૬ કે સે-૭ અથવા સે-૧૧ના બજારો હોય તમામ સ્થળે નાગરિકોનું ટોળે વળવું સામાન્ય બની રહ્યું છે. ખાસ કરીને જયાં શાકમાર્કેટ ભરાતું હોય તેવા સ્થળો જેમ કે સાંજે પોઈન્ટની બસો ઉપડવાના સમયે સચિવાલય પાસે ભરાતા શાકમાર્કેટમાં, સે-૨૪ના કે સે-૭ના શાકમાર્કેટમાં પણ આજ પરિસ્થિતિ જોવા મળી રહી છે. દિવસ દરમિયાન સે-૨૧ અને સે-૧૬ના શોપીંગ સેન્ટરો તેમજ સેકટર-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં પણ નાની-મોટી ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળે છે. એટલું જ નહી પરંતુ ચાની કીટલી કે પાન મસાલાના ગલ્લે ફરી નાગરિકો એકઠાં થઈને ટોળ ટપ્પાં કરતા જોવા મળી રહ્યા છે. આ વચ્ચે એક રાહતની બાબત એ છે કે મોટા ભાગના નાગરિકો માસ્ક પહેરતા થઈ ગયા છે પરંતુ હજુ પણ ઘણા નાગરિકો તેમાં પણ ઉદાસીનતા દાખવી રહ્યા છે. આ સ્થિતિમાં શહેરમાં એક તરફ સતત પોઝિટિવ કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે વહીવટી તંત્રએ શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાય તે માટે કડક હાથે કાર્યવાહી કરવાની જરૂર જણાઈ રહી છે.

### આ સ્થિતમાં ધાર્મિક સ્થળો ખોલવા યોગ્ય ગણાશે??

અનલોક-૧ અંતર્ગત તા. ૮મી જુન સોમવારથી શહેરના ધાર્મિક સ્થળો ખુલી શકે છે અને ફરી એકવાર મંદિરોમાં શ્રધ્ધાળુઓની ભીડ જામી શકે છે. શહેરના મંદિર-મસ્જિદ-ચર્ચ-ગુરુદ્વારા વગેરે લાંબા સમયથી બંધ હોવાને કારણે જયારે ફરી ખુલશે ત્યારે શ્રધ્ધાળુઓ તેમાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું યોગ્ય રીતે પાલન કરે તે જરુરી બનશે. જો દર્શન માટે ભાવિકોની ભીડ જામી તો કોરોના વાયરસને ફરી એકવાર ખુલ્લું મેદાન મળી જશે તેમાં શંકાને સ્થાન નથી.

# જિલ્લામાં ઓનલાઈન ભરતીમેળો યોજાશે

ગાંધીનગર, તા.૬

કોરાના વાયરસના કારણે રોજગારવાચ્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર વર્ચુઅલ એટલે કે ઓનલાઈન ભરતીમેળા યોજવા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.

આથી ગાંધીનગર જીલ્લાના ઔદ્યોગિક ઉત્પાદનલક્ષી એકમો, સેવાકીય પ્રવૃત્તિ ધરાવતા એકમો, લેબર તથા મેનપાવર કોન્ટ્રાકટર, ખાનગી પ્લેસમેન્ટ/રીક્રુટમેન્ટ એજન્સીઓએ પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ સી.એન.વી ફોર્મ દ્વારા જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર ને dee-gnr@gujarat.gov.in પર ઈ-મેઈલ કરીને આવી વેકેન્સી નોટીફાઈડ કરાવવાની રહેશે, ઐદ્યોગિક એકમોએ મેનપાવરની જરૂરિયાત પ્રમાણે માંગણીપત્ર મોકલી આપવાના રહેશે. તેમજ ઉમેદવારોના રજીસ્ટ્રેશન માટેની લિંક https://froms.gle/FsmBYv5tDAUprvnu7 બનાવવામાં આવી છે, જેમાં રોજગારવાચ્છું યુવાઓને મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન રોજગાર ભરતીમેળાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ઉપરોક્ત યોજાનાર ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ નોકરીદાતાઓ અને રોજગારવાચ્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે, અત્રે નોંધ લેશો કે ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં કોઈપણ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત લેવાની રહેશે નહિ.



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરના સેકટર-૨માં સ્વામિનારાયણ મંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિના અધ્યક્ષ કિરીટભાઈ ભીમાણી સહિત સભ્યો રમેશભાઈ જોબનપુત્રા અને જય ઠકકર ઉપસ્થિત રહ્યા હતા.

# ડભોડા પંચાલવાસમાં સામાન્ય માથાકુટને લઈ મારામારીના દશ્યો

ગાંધીનગર, તા.૬

ડભોડાના પંચાલવાસમાં સામાન્ય માથાકુટને લઈ મારામારીના દશ્યો સર્જાયા હતા. મહિલાએ પાડોશમાં રહેતા અન્ય મહિલાને 'વાવોઝોડું આવે તો ઘરમાં પુરાઈ રહેવું' જેવી સામાન્ય વાતને લઈ પાડોશીઓ વચ્ચે મારામારી થતા મામલો ડભોડા પોલીસ સ્ટેશન પહોંચ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ફરિયાદી સુરેખાબેન રાજુભાઈ પંચાલ બપોરના સમયે ઘરે હાજર હતા ત્યારે પાડોશમાં રહેતા ભારતીબેન અને બીજા બહેનો નરોડામાં વાવોઝોડું આવ્યું હોવાની વાત કરી રહ્યા હતા જેથી સુરેખાબેને 'વાવોઝોડું આવે તો ઘરમાં પુરાઈ જવાનું' કહેતા ત્યાં વાતો કરી રહેલા સોનલબેન પતિને બોલાવી લાવ્યા હતા. જેથી આવી પહોંચેલા લાલાભાઈ ભરતભાઈ પંચાલ 'ઘરે પુરાઈ રહેવાનું કેમ કીધું' કહી અપશબ્દો બોલવા લાગ્યા હતા ત્યારબાદ તેઓએ લાકડી વડે હુમલો કર્યો હતો. એટલામાં તેમનું ઉપરાણું લઈને ફળીયામાં રહેતો પિન્ટુભાઈ લાલભાઈ મેકવાન આવ્યો હતો તેણે પણ ફરિયાદીને ગડદાપાટુનો માર માર્યો હતો. આ સમયે દોડી આવેલા મહિલાના દિકરાએ તેમને વધુ મારમાંથી બચાવ્યા હતા.

જયારે બીજી તરફ પીન્ટુ મેકવાને નોંધાવેલી ફરિયાદ મુજબ તે પાડોશના ઘરે ઓટલા પર બેસી રહ્યા હતા ત્યારે ફળીયામાં રહેતા સુરેખાબેને વાવોઝોડાની વાતને લઈ ઝઘડો કર્યો હતો તે સમયે બોલેરો ગાડીમાં આવેલા સુરેખાબેનના દિકરા હર્ષદ અને તેના મિત્રએ લાકડી વડે પિન્ટુભાઈ પર હુમલો કર્યો હતો. આ સમયે નજીક બેઠેલા લાલાભાઈ અને તેમના પિતા ભરતભાઈ વચ્ચે પડતા ગાડીમાં આવેલા રાધાબેન લાકડી લઈને મારવા લાગ્યા હતા. લાલભાઈના પત્ની વચ્ચે પડતા દોડી આવેલા સુરેખાબેને તેમને લાકડીથી માર માર્યો હતો. સ્થાનિક નાગરીકોએ વચ્ચે પડીને વધુ મારમાંથી બચાવ્યા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે સામ સામે ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

# સે-૧૩ સીમાં 'ગંદકીનું ઘર'હટાવી નંદનવન બનાવતા રહીશો



ગાંધીનગર, તા. ૬

ગઈકાલે તા. ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાઈ ગયો. ગાંધીનગર એવુ શહેર છે જયાં પર્યાવરણ પ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં વસે છે. શહેરના સેક્ટર-૧૩-સી માં આવા જ કેટલાક પર્યાવરણપ્રેમી મિત્રો દ્વારા પોતાના રહેણાંક મકાનોની આસપાસ વન વિભાગની ઉજજડ પડેલી જગ્યામાં લોકડાઉન દરમ્યાન મળેલા ફાજલ સમયનો ઉપયોગ કરીને હયાત વૃક્ષોનું જતન, નવા વૃક્ષોનું વાવેતર અને સ્વચ્છતા જાળવણી કરીને નાગરિક ધર્મનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

ગાંધીનગરના સેક્ટર-૧૩-સી માં ખ-રોડ નજીક મહાત્મા મંદિર પાસેના વિસ્તારમાં ખડકાયેલા કચરાના ઢગથી નજીકના રહીશો ત્રસ્ત હતા. છેલ્લા બે માસથી પણ વધુ સમયથી કોરોના વાયરસ સંક્રમનને પગલે લાગુ પડેલા લોકડાઉનમાં વેપાર-ધંધા-નોકરી-વ્યવસાય બંધ રહેવાને કારણે ઘરમાં પુરાયેલા આ રહીશોએ મળેલા ફાજલ સમયનો ઉપયોગ કરી તે કચરાના તમામ ઢગને 'ગાંઠનું ગોપીચંદન' કરીને દૂર કરાવ્યા હતા. આ પછી સ્વચ્છ થયેલી જગ્યામાં ફરી ગંદકી ના ફેલાય તે હેતુથી તેમણે નવા વૃક્ષોનું વાવેતર કર્યુ, જુના વૃક્ષોને પુરતુ પાણી મળી રહે તે પ્રમાણે કયારા બનાવ્યા, જંતુનાશક દવાનો છંટકાવ કર્યો અને નિયમિત સ્વચ્છતા જાળવવા સાથે હવે લોન વાવેતર પણ હાથ ધર્યુ છે. આ જહેમત ઉઠાવનાર રહીશોમાં ઉમંગ પાનવાલા, હાર્દિક ઉપાધ્યાય, ભાવિન ઉપાધ્યાય, હર્ષદ સુથાર, અનિલ નાયી તથા ધવન જોષીનો સમાવેશ થાય છે.

# ખોરજ પાસે મહિલા પર સાસરીયાઓનો હુમલો

ગાંધીનગર, તા.૬

ખોરજ પાસે મહિલા પર તેના જ સાસરીપક્ષના સભ્યોએ હુમલો કર્યો છે. હુમલામાં ઘાયલ મહિલાએ અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ મિતલબેન ઘનશ્યામભાઈ ઘુટકાના લગ્ન ૧૫ વર્ષ પહેલા અમરેલી જિલ્લાના આંબરડી ગામે રહેતા ઘનશ્યામભાઈ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને ૧૪ વર્ષનો દિકરો અને ૧૨ વર્ષની દિકરી છે. પતિ સાથે મન-મેળ ન આવતા છેલ્લા એક વર્ષથી માતા પિતા સાથે રહે છે. રાત્રીના ૮ વાગ્યાના અરસામાં પોતાના ભાઈ સાથે ખોરજ ઉભા હતા ત્યારે એક રીક્ષામાં તેમના દિયર શૈલેષભાઈ ઘુરકા, સાસુ મંજુલાબેન, મામી સાસુ પ્રેમીલાબેન જાદવ અને હિતેશ જાદવ (તમામ રહે. નરોડા) આવ્યા હતા. આ તમામે કયાં સુધી પિયરમાં રહેવાનું છે કહી ગાળાગાળી ચાલુ કરી હતી. ત્યારબાદ ચારે જણાએ એકઠા થઈને ભાઈ-બહેન ઉપર હુમલો કર્યો હતો. ઝઘડાને પગલે હોહા થતા સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં એકઠા થઈ જતા ચારેય વ્યકિત જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. ફરિયાદી અને તેના ભાઈએ સોલા ખાતે સારવાર મેળવ્યા બાદ આ અંગે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસે તપાસ શરુ કરી છે.



જયાં ત્યાં પડેલો કચરો ગાંધીનગર માટે નવાઈ નથી. શહેરને સ્વચ્છ રાખવાની અને બનાવવાની જવાબદારી આપણી અને તંત્રની હોવા છતાં તે બાબતે સતત બેકાળજી જ રાખવામાં આવે છે. અરે કચરો જયાં ત્યાં ન ફેંકાય તે માટે શહેરમાં ઠેર ઠેર મુકવામાં આવેલા ડસ્ટબીનની પણ આપણે યોગ્ય જાળવણી કરી શકતા નથી. તેનો આ બોલતો પુરાવો છે.

# સે-૮માં મ્યુ. કોર્પોરેશનના ડ્રાઈવર પાસેથી દંડ વસુલાયો



શહેરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણની ભીતિએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે અને માસ્ક નહી પહેરનાર નાગરિકો પાસેથી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા રૂ. ૨૦૦નો દંડ વસુલવામાં આવી રહ્યો છે. આજે આ પ્રકારની કામગીરી શહેરના સે-૮ના શોપીંગ સેન્ટર નજીક ચાલી રહી હતી જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી જે વ્યકિતએ માસ્ક ના પહેર્યું હોય તેની પાસેથી દંડ વસુલી રહ્યા હતા ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનનું જ ટ્રેકટર ત્યાંથી પસાર થઈ રહ્યું હતું જેના ડ્રાઈવરે માસ્ક પહેર્યો નહોતો. આ બાબતે એક જાગૃત નાગરિકે મ્યુનિસિપલ અધિકારીનું ધ્યાન દોરી મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રેકટરના ડ્રાયવર પાસેથી પણ દંડ વસુલવા ફરજ પાડી હતી.



ગાંધીનગર સેકટર-૨૪ રંગમંચની બાજુમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોર્પોરેટર ધીરૂભાઈ ડોડીયાના હસ્તે વૃક્ષારોપણ કરી વિવિધ વૃક્ષોના રોપા વાવવામાં આવ્યા હતા તેમજ વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભરત સોલંકી, વિશાલ ચાવડા, ગૌતમભાઈ, અજીતભાઈ, શંકરભાઈ, દિનેશભાઈ રાણા તથા સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કન્ટેનમેન્ટ ઝોનને 'માઈક્રો' કરવાની કામગીરી ઝડપથી કરો : પિન્કીબેન પટેલ

ગાંધીનગર, તા.૬

શહેરમાં હાલ કોવિડ-૧૯ મહામારી અંતર્ગત જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેમાં મહાનગરપાલિકા દ્વારા જૂના કન્ટેનમેન્ટ ઝોનમાં સરકારની ગાઈડલાઈન મુજબ તેને નાના એટલે કે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીની મંથર ગતિથી વસાહતીઓને હાલાકી ભોગવવી પડી રહી હોવાથી તેમાં ઝડપ લાવવા શહેરના વોર્ડ નં.૬ના કાઉન્સિલર પિન્કીબેન પટેલ દ્વારા મ્યુ. કમિશનર સમક્ષ માંગ કરવામાં આવી છે.

શહેરમાં જયાં પણ કોરોના કોવિડ-૧૯ પોઝિટિવ કેસ આવે છે તેની આસપાસના મોટા રહેણાંક વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી તે વિસ્તારના વસાહતીઓને બહાર આવવા જવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવે છે. કન્ટેનમેન્ટ ઝોનના નિયમ અનુસાર આ પ્રતિબંધ ૨૮ દિવસનો હોય છે પરંતુ એવું પણ જોવા મળ્યું છે કે દર્દી જો ડોકટર કે નર્સ હોય તો તેને થોડા દિવસોમાં હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવે અને તે પોતાની નોકરી શરુ કરી દે પરંતુ કન્ટેન્મેન્ટ કરાયેલા વસાહતીઓ પોતાના નોકરી-ધંધા પર જઈ શકતા નથી. આ સ્થિતિમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા વસાહતીઓને નોકરી ખોવાનો પણ વારો આવે છે. આ સાથે ૧.૭૦ લાખની વસ્તી ધરાવતા ગાંધીનગરમાં ૨૦૦ જેટલા કોરોના પોઝિટિવ કેસ હોવાએ મનપાના સત્તાધીશો અને વહીવટી અધિકારીઓની અણઆવડત હોવાનું જણાવતા પિન્કીબેન પટેલે કન્ટેનમેન્ટ ઝોનને માઈક્રો કન્ટેનમેન્ટમાં પરિવર્તિત કરવાની કામગીરી ઝડપથી કરવા માંગ કરી છે.

# આજે પંચદેવ મંદિર પાસે હેપ્પી ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેવભાવી અને પર્યાવરણ પ્રેમી યુવાનો દ્વારા ચાલતી હેપ્પી યુથ કલબ દ્વારા દર વર્ષે માર્ચ માસમાં હેપ્પી સ્પેરો વીક અંતર્ગત હેપ્પી ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે લોકડાઉનના કારણે મુલત્વી રખાયેલ હેપ્પી સ્પેરો વીક બાદ આવતીકાલે તા. ૭મી જુન રવિવારના રોજ સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન સેકટર-૨૨માં પંચદેવ મંદિર પાસે પ્રતિકાત્મક રીતે હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હેપ્પી ચકલી ઘર વિતરણમાં ફરજિયાત માસ્ક સાથે સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન કરવામાં આવશે તથા સ્થળ પર હેન્ડ સેનેટાઈઝરની સુવિધા પણ ઉપલબ્ધ હશે. હેપ્પી યુથ કલબ દ્વારા વહેલા તે પહેલાના ધોરણે દરેક પર્યાવરણ પ્રેમી નગરજનને વ્યકિત દીઠ બે હેપ્પી ચકલી ઘર વિના મૂલ્યે આપવામાં આવશે જેની નોંધ લેવી.

# ગાંધીનગરના પેન્શનરો આવકના દાખલા ઓનલાઈન મેળવી શકશે

ગાંધીનગર, તા.૬

જિલ્લા તિજોરી કચેરીઓ કોરોના મહામારીના કારણે આવકના દાખલા રૂબરૂમાં આપવાનું બંધ કર્યુ છે. આવકના દાખલા હવે ઓનલાઈન મળી શકે તેવી વ્યવસ્થા તિજોરી કચેરી દ્વારા ગોઠવવામાં આવી છે.

ગાંધીનગર શહેર પેન્શનર સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિકે જણાવ્યું છે કે દરેક વર્ષે નાણાંકીય વર્ષના અંતે દરેક પેન્શનર મિત્રો પોતાની વાર્ષિક આવકના દાખલા મેળવા પેન્શન કચેરીમાં જતા હોય છે. શરૂઆતમાં દાખલા આપવામાં આવતા હતા પણ કોરોનાની મહામારીના લીધે સરકારની સૂચનાઓથી રૂબરૂમાં દાખલા આપવામાં બંધ કરવામાં આવ્યા છે. ઘણા મિત્રો પેન્શન કચેરીમાં જતા દાખલા મળતા નથી પરંતુ ખાલી હાથે પરત ફરવું પડે છે. આ અંગે સરકારની સૂચનાઓ સાથે પ્રેસનોટ પણ આપવામાં આવી છે જે મિત્રોએ વાંચી ના હોવાથી તેઓન ધક્કા ખાઈ પરત ફરવું પડે છે.

હવે આ દાખલા ઓનલાઈન પણ લઈ શકાય છે જેથી કોઈએ પણ પેન્શન કચેરીમાં જવાની જરૂરત નથી. આ અંગે સંસ્થાના પ્રમુખ એસ ડી આર મલિક તેમજ ડી.એમ. પરમાર દ્વારા પેન્શન કચેરીની રૂબરૂમાં મુલાકાત લેવામાં આવી હતી અને સવિતાબેન ત્રિવેદી જિલ્લા તિજોરી અધિકારી તેમજ પંચાલ સાહેબ અધિક્ષકની મુલાકાત લેતા તેઓએ જણાવ્યું કે હાલ કોઈ પણ સંજોગોમાં રૂબરૂમાં આવકના દાખલા આપી શકાશે નહી પણ જો કોઈને પેન્શન ના મળતું હોય અથવા તો બીજા કોઈ અગત્યના પેન્શન વિશે પ્રશ્ન હોય તો તે અંગે તરત જ નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

જે મિત્રોને ઈન્કમટેકસ ભરવાના હોય અને આવકના દાખલા જોઈતા હોય તેઓ પાસે બે વિકલ્પ રહે છે પ્રથમ વિકલ્પ કે પોતાની બેંક પાસબુકની ઝેરોક્ષ કરાવી લેવી અથવા તો ઓનલાઈન મેળવી લેવી. ઓનલાઈન વાર્ષિકના આવકના દાખલા મેળવવા પોતાના સ્માર્ટફોનમાં 'cyber treasury gujarat' ડાઉનલોડ કરી લેવી. તેમાં વાર્ષિક દાખલા મળી રહેશે અને તેના ઉપરથી હાર્ડ કોપી કરાવી લેવી. જે ઈન્કમટેક્ષની રીટર્ન સાથે આપી શકાશે. તેમાં કોઈ પણ મુશ્કેલી પડતી હોય તો સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલિકને સીધા ફોન પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. દલસુખભાઈ બગડુભાઈ દંતાણી, ઉ.વ. ૫૩, સે-૧૪, ગોકુલપુરા
- સ્વ. સોમાભાઈ નારણભાઈ વાળંદ, ઉ.વ. ૮૧, સે-૨૯
- સ્વ. કેશરસિંહ નારસિંહ રાઠોડ, ઉ.વ. ૭૬, ગુ.હા. બોર્ડ, સે-૨૮